આનંદનો ઉભરો.

પદનો સંગ્રહ કરી છપાવનાર

પરભુદાસ સામજી.

આ ચોપડી સ્ત્રી મંડળ માટે છપાવી પ્રગટ કરીછે

"ધી નેપોલીયન પ્રિન્ટીંગ પ્રેસ" બંગડી બજાર

મુંબઇ.

સને ૧૯૦૯

આનંદનો ઉભરો.

(પ્રાર્થના માળામાંથી) લલિત.

જયજય પ્રભુ બ્રહ્મચિદ ઘંના પતિત પાવના, પાપ મોચના.
પ્રણમીયે અમે પ્રેમભાવથી પ્રભુ પરાત્પરા પ્રેરસન્મતિ
સકલ વિશ્વમાં વ્યાપીને રહો જીવ પ્રતે કરો છો અનુગ્રહો,
સબળ સત્ય છો શ્રેષ્ટ સર્વથી પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ.
રૂષી મુની વદે વેદ નીશ્રુતિ તદપિના જડે તારી તો ગતિ;
અતિ અગમ્ય છે સૃષ્ટિની કૃતિ પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ.
અવધી બુધ્ધીની બાંધી છે તમે નિયમમાં રહી ચાલીયે અમે.
મતિ નહીં જશે પાર તે થકી પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ.
તુજ દયા થકી દુર્મતી ટળે તુજ દયા થકી સન્મતિ મળે,
તુજ વીના કૃપાનાથ કો નથી, પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ.
પરમ પ્રેમથી પોષણો કરો નિયમ એ દયા નાથનો ખરો.
વિભુ વરણ્યછો વિશ્વના પતિ પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ.
ક્ષણ પ્રતિ ક્ષણે રક્ષણો કરો સકલ દુખ સંકષ્ટ સંહરો
નવ કદી કરો નાથ દુર્ગતિ પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ.

સકલ વિશ્વમાં શાન્તિ કારક પ્રવર્તે પ્રાણિના પ્રાણુ તારક
નવ જુવો તમે દોષ દુષ્કૃતિ પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ
કરૂણુ નાથ હે હે કૃપાધના દુરિત કર્મની માગીયે ક્ષમા.
વિભુ વિચારશો ભકતની સ્થતિ પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ.
પ્રણમીયે અમે વાર વારરે વિનતિને કરો અંગીકારરે
પ્રભુ પ્રસાદથી થાય સદ્ ગતિ પ્રભુ પરાત્પરા પ્રેર સન્મતિ

ઇશ્વર પ્રાર્થના માળામાંથી) પદ ૨.

નારાચ.

મહા ધિરાજ સ્વામી સર્વના સમર્થ છો તમે.
તમારી વીશ્વમાં સહાયતા થકી વશ્યાં અમે
અનન્ય ભકિત ભાવથી પ્રસારી બેઉ હાથને
નમી નમી નમી હું નિત્ય વંદુ વિશ્વ નાથ ને
પ્રભુ કૃપા નિધાન સર્વ શકિત માન છો બહુ
સદા પદાર વિંદમાં હું ધ્યાન રાખીને રહુ
કદી મહાન ભકત તો ન પામશે વિષાદને નમી નમી૦
અજાત્નાર સૃષ્ટિ કાર્યથી દિસો તમે અહીં
અતી દયા ક્ષમા કૃપા પ્રભુ સ્વભાવમાં રહી.
સ્મરૂં હું તે ત્રિલોકનાથ એકરે અજાતને નમી નમી૦

અસંખ્ય ચકચકીત ગોળ વ્યોમમાં દિસે ઘણા
ગ્રહો ઉપગ્રહો તણા ગણીતમાં નહીં મણા
અપાર શકિત ધારનાર તારનાર નાથને   નમી૦ નમી૦
અતકર્ય શકિત છે પ્રવેશ અલ્પ જીવ શું કરે
પ્રભુ કૃપા થકીજ ભકત કાર્ય સર્વ તો સરે
નમી ગયાજ નાસ્તિકો મુકી દીધો વિવાદને   નમી નમી૦
અનીતિ દુષ્કૃતિ તણી ક્રિયા થઈ અતી ઘણી
અનાથ નાથ નિત્ય સત્ય સર્વના તમે ધણી
કૃપા કટાક્ષથી કરો ક્ષમા મહા અપરાધને   નમી નમી૦
સમસ્ત જતું પોષણ ક્રિયા કિધી કૃપા થકી
દયા ઘના દયા તમારી તો જણાય છે નકી.
કદીજ પુત્ર દોષથી ન રોષ થાય તાતને   નમી નમી૦
તમે દયાલ છો કૃપાલ ભકત પાલ રે પ્રભુ
વિનંતિ સર્વ સાંભળી સહાય તો કરો વિભુ
પ્રણામ વારંવાર હું કરૂં છું પ્રાણનાથને   નમી નમી૦

ઇશ્વર પ્રાર્થના માળામાંથી] પદ ૩. ભુજંગી

જગન્નાથ હે દેવ હે સ્વામી સાચા નમું હાથ જોડી વંદુ નમ્ર વાચા
દયા લાવી ચિત્તે દયા દાન આપો, પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો.

મહા મોહના પાસમાં હું પડયો છું, મહા કાલને મુખ આવી અડયોછું
મહા પાપના પુંજ છેરે અમાપો, પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો.
પ્રભુ પાદમાં રાખીયે પુર્ણ ભાવ, કરો પ્રાણદાતા અમારો નીભાવ.
તમારી કૃપાથી ટળે સર્વ પાપો, પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો.
તમે કષ્ટ કોટયા વધીનાંજ કાપ્યાં, પુરા પ્રેમ આણી કૃપાદાન આપ્યાં
તમારી કૃપાથી વધે છે પ્રતાપો, પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો.
અરે મોટી આશા ચિતે તારી રાખું, બહુ દીન થૈ દીન વાણી હું ભાખું
કદી ના જુવો મેં કીધાં સર્વ પાપો, પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો
તમે વિશ્વ કર્ત્તા તમે વિશ્વ ભર્તા, દયાલુ પ્રભુ દુખીના દુખહર્તા
તમે સત્ક સંહારના સર્વ શાપો પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો
મને રંકને રક્ષણો સર્વ દાતા, મહા સિંધુમાં છો તમે સત્ય ત્રાતા
ઊગારો સદા સદગતી આપ આપો, પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો
સદા સર્વદા ઓથ આપી તમારી, મહા કષ્ટમાં મુકશો ના વીસારી
વીના તું ન જાણે અમારા વીલાપો પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો
જુવો જો તમે કર્મ મારાંજ સામુ, અતિ પાપ હું કેમરે પ્રેમ પામું
કીધા મેં નથી ધર્મ સત્કર્મ જાપો, પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો
પ્રભુરે પ્રભુરે પ્રભુરે પ્રભુરે, નમીને નમીને નમીને કહું રે
નથી અન્ય ત્રાતા ક્ષમા આપ આપો, પ્રભુ પાળીને પાપ સંતાપ કાપો
અતિ પ્રેમના ભાવથી ચિંતવું છું અતિ નમ્ર થૈ નમ્ર વાકયો વદું છું

નથી આશરો આશરો એક સત્ય, પ્રભુ હું નમું હું નમું નિત્ય નિત્ય
અતીદીન જીવોની સંભાળ લીધી અતિ પ્રેમ આણી કૃપા દ્રષ્ટી કીધી
મને તારવાને ક્ષમાવંત થાઓ દયા દષ્ટિથી દીનનો હાથ સાહો

ઇશ્વર પ્રાર્થના માળામાંથી) **માલિની પદ ૪.**

જય જય જગદીશા સૃષ્ટિ કર્તા કૃપાલા
ત્રિભુવન પ્રતિ પાલા પ્રાણ દાતા દયાલા
તુજ પદ પ્રણમીયે જોડીને બેઉ હાથ
વિદિત વિભુ અમારી આપને સર્વ વાત
નબળી મતી અમારિ માગણી સર્વ કીધી
કરવી ઉચિત કેઇ નાથ લક્ષે ન લીધી
ઘટિત વિભુ હશે જે તેજ સ્વીકારી લેશો
પ્રણુત જનજીવોને પુર્ણ આશીશ દેશો

ઇશ્વર પ્રાર્થના માળામાંથી) **આરતી પદ પ**

જય દેવ જય દેવ જય જગદાધારા જય જગદાધારા,
અંતર્યામિ અપારા સર્વોત્તમ સારા જય દેવ૦
સ્વાયંભુ વિભુ આપ ત્રિભુવનમાં વ્યાપો
સુખ સંતોષો આપી કિલ્પષ સહુ કાપો જય દેવ૦

મંગલ સુંદર રૂપ કરૂણા મયતારૂં
પ્રેમ ભાવથી મારા ચિતમાં નિત્ય ધારૂં જય દેવ૦
શ્રધ્ધા રૂપી અર્ધ્ય આપું હું ચરણે
ગંધાક્ષત ભકિતનાં અર્પી રહું શરણે જય દેવ૦
એકાગ્રેથી ધ્યાન ધારૂં હું ચિન્તે
પ્રેમ પુષ્પ વધાવું પ્રભુ શીષે નિત્યે જય દેવ૦
સદા કાળ સન્નિધ જાણી ને દેવા
જ્ઞાના રતિથી નિરખું એ ઉત્તમ સેવા જય દેવ૦
વિસ્તારી વિશ્વેશ અતિ અદભુત માયા
સાષ્ટાંગે તમને હું પ્રણમું જગરાયા જય દેવ૦
અવગુણના અપરાધ અતિશય છે મારા
ક્ષમા કરો કરૂણાથી પ્રભૂ જગદુદ્ધારા જય દેવ૦

પ્રેમ લક્ષણા પદ ૬.

ઓધવ નંદનો છયો નમેરો થયો જો
મુંને એકલી મેલી ને મથુરાં ગયો જો. ઓધવ૦
એને મેલી જાતાં દયા નવ ઊપની જો,
મને ભ્રાંતી લાગી છે એના રૂપની જો, ઓધવ૦

કોઇ કામણ કરીને ફુટકારો કરે જો,
કેમ ચીત એનું મુજપર ના ઠરેજો. ઓધવ૦
ઓધવ સંદેશો કહીને વેલા આવજોજો
સાથે દયાના પ્રીતમને તેડી લાવજોજો. ઓધવ૦

પ્રેમ લક્ષણાના પદ ૭

ઓરા આવોને દેખાડું મંદીર માયરૂં જો
મને રાત દીવસ ધ્યાન વાલા તાંયરૂ જો ઓરા૦
મારા સમ મોહન મનમાં રાખો આંબળો જો,
રમતાં જમતાં ભુદર લહું ભ્રામણા જો ઓરા૦
મારા પાડોશી પુછે તો નવ બોલશો જો
છાની વાત છબીલા હયું નવ ખોલશો જો ઓરા૦
ભુલા ન પડશો ભુદર હળવે રહીને બોલાવશો જો,
શીવાના નાથ પ્રભુ મંદીરીયે પધારજો જો. ઓરા૦

પ્રેમ લક્ષણા ના પદ ૮

જાવજી જાવ જીવન જાુઠડાં શું થાઓ છો જો.
વાલા વચન આપી બીજે મંદીર જાઓ છો જો.
કાલ વચને બધાણા જાગયા વીસરી જોજીવ૦

માનેતીના કોડ પુરી આવીઆ જો, જાવજી૦
આખી રાતના ઉજાગરા કેને કહું જો, જાવજી૦
વાટડી જોતાં વાણેરૂ મારે વાય ગયું જો જાવજી૦
આજ પછી મારે મંદીરીયે ના આવશો જો. જાવજી૦
વારૂ છું વાટે ઘાટે મુજને ન બોલાવશો જો. જાવજી૦
એવા વચન સુણી વાલો વ્યાકુળ થાય છે જો. જાવજી૦
શીવાના નાથ પ્રભુ કરજોડી સમ ખાયછે જો. જાવજી૦

પ્રેમ લક્ષણાના

પદ ૯

હરી અમને વાલેરા ઘણા લાગીયા જો, હરી૦
ઘરે આવો વિઠલ વરણાગીયા જો હરી૦
વાલો જમુંનાની તીરે ચારે ગાવડી જો હરી૦
તમને બોલાવે જશોદા માવડી જો હરી૦
હરીને મોર મુગટ શોયામણો જો હરી૦
મોર મુગટ ઉપર બીરાજે છે પાંખડી જો
શીવા નાથ પ્રભુ અમને વાલેરા લાગીયા જો હરી૦

જ્ઞાનોદય ભજન માળા) સઉનું કરો કલ્યાણ એ--રાગ પદ ૧૦

વિચારી ભજ ભગવાન મુરખ મન વીચારી ભજ ભગવાન
સાર નથી સંસાર વિષે ભાઈ ટાળ તારૂં અજ્ઞાન મુરખ૦
ગોથાં ગમાર શિદ ખાય અંધારે થઇ છેક બેભાન મુરખ૦
તારૂણીપર તન તું શું ચોટાડે નથી ત્રિકમ પર તાન મુરખ૦
ગર્ભ વાસે જેણે રક્ષા કરી છે તેને નથી દેતો માન મુરખ૦
વખત તારો એળે જાય છે નિકળી જશે અવસાન મુરખ૦
યમ દરબારે લેઇ તને જાશે નાખશે નર્ક નિદાન મુરખ૦
ભજીશ ભૂધર ભાવ થકી તું મળશે દેવ વિમાન મુરખ૦
મણિરામ ચિત્ત ચેતિ જટ પટ માગ્ય અભય વરદાન મુરખ૦

જ્ઞાનોદય ભજન માળા) પદ ૧૧.

શરણે રાખજો સ્યામ ઓ પ્રભુજી શરણે રાખજો શામ
હું અપરાધી અધીકો પાપી ભજ્યા નહીં શ્રીરામ ઓ.
વિષય જાળમાં હું તો ગુંથાયો ભમું પર દારાને ધામ ઓ
પરધન હરણ કરવા કારણ રાખું હઇયામાં હામ ઓ.
મસ્તાનો થઇ માયામાં મહાલું કરતો ખોટાં કામ ઓ.
ડર્યો ન દીલથી જરા કાંઈ પણ લીધું ના રામનું નામ ઓ.

હરિ દરશન કર્યું નહીં કોઇ દીન મોહ્યો જોઈ એક ભામ એ૦
અજ્ઞાન અંધાપો મુજને આવ્યો સમજ્યા ના સાર ગુણગ્રામ એ૦
ભવમાં ભુલ્યો શું તું ભમે છે શી ગતિ તારી મણિરામ એ૦

જ્ઞાનોદય ભજન માળા) પદ ૧૨ સઉનું કરો કલ્યાણ એ-રાગ

કૃષ્ણ કરૂણા કરી મારા ઉપર કૃષ્ણ કરૂણા કરી—ટેક,

કોટી કંદર્પથી અતિ સારૂં રૂપ લેઈ દયો દરશન શ્રીહરી મારા.
ટમ ટમે નિરખવા મન મારૂં ભજન સમરણ નહીં જરી મારા.
કેમ કરી તારી કાન્તિ હું દેખું દેવ ના દેખે દ્રષ્ટિ ધરી મારા૦
તેવા આગળ મારૂં કોણ લેખું ભકિત હીન દીન ઠરી મારા૦
અન્ય એકું નથી મારે દાવો મન ઇચ્છા મન ઠરી મારા૦
દાવો નહીં સુણો નાથજી મારા વગર મોતે જાવું મરી મારા૦
કર્મ જોશો તો કશું નહીં થાયે દીન લેહેશો દીલ ધરી માર૦
ભેટો ભુદર રંક જાણી મુજને બિરદ પળશે ખરી મારા૦
કોટી ભકત ભકિતથી મળીયા કૃષ્ણ તમને કરગરી મારા૦
તેમાં અધિક પતીતને પાળજો મણીરામ ખાંતે કરી મારા૦

રાગ—ગરબી પદ ૧૩.

રાધાને કાન રમેરે રાધાને કૃષ્ણ રમેરે ભુલ ભુલામણીરે
બાઇઓ મુને કાન દેખાડોરે

એની મુને કૃષ્ણ દેખાડોરે આપુ વધામણીરે,
શરદ પુનમની રાત કદમ કેરી છાંયડીરે,
વાલોજી રમે રાસ લોડાવે બાવડીરે. રાધા૦
કમર કછોટા ભીડીયા પરવત આકરારે,
વાલોજી થતો વાઘ અમે સઉ બાવરારે.
રાધાને કાન રમેરે રાધાને કૃષ્ણ રમેરે ભુલ ભુલામણીરે
વાલોજી મીઠી ધ્રાખ ગુંજામાં સુખડી રે, રાધા૦
મુખ દીઠે મહારાજકે ભાંગે ભુખડીરે
હમણાં અહીંઆ હતા ને કોઇએ દીઠડારે,
રાધાજીનો કંથ મારે મન મીઠડારે.
રાધાને કાન રમેરે રાધાને કૃષ્ણ રમેરે ભુલ ભુલામણીરે
હમણા હતા ગોરની સાથે પુજવા જાતા રે,
ભુદર ભીને વાન મારે મન ભાવતારે રાધા૦
આપું એકાવળ હારકે ઉપર દામણીરે,
કોઇ દેખાડો માહારાજ આપું વધામણીરે. રાધા૦
જમુનાજીના નીરે નાવા પેસતારે,
ચીર હરી મહારાજ કદમ ચડી બેસતારે.
ગોકળીયું રૂડું ગામકે શીતલ છાંયડીરે,

રાધાજી લાવે ભાતકે ભીજાય પામરીરે,
વંદરાવનની કુંજ કદમ કેરી છાંયડીરે,
વાલોજી ચારે ધેન વગાડે વાસલડીરે
ગોકળીયાની ગલીમાં પેસતાંરે
નરશીયાનો નાથ મારે મન ભાવતારે.
રાધાને કાન રમેરે રાધાને કૃષ્ણ રમેરે ભુલ ભુલામણીરે

પદ ૧૪.

સતાવો શીદ કલપાવો હું છું રંક જૂવો જરી દીલ પર ધારી રેમ એ–રાગ

અવતારી છો ગીરધારી તમ પરવારી હો સુખકારી સુંદીર શામ
વ્રજનારી સર્વ વીશારી લેછે કુંજ બિહારી નીત્ય તમારા નામ અ૦
મધુ વનમાં ગોવનમાં ગોપનમાં મુનીજનમાં અંગનમાં દીસોછો આપ
દરશનમાં પ્રસનમાં મધુરીમુખ લાવનમાં તનમનના ટાળોછો તાપ અ.
પાવાથી ગાવાથી સાને સમજાવાથી નાવાથી જમુનાના નીર અ૦
જટપટ બોલાવાથી વશ કીધા જાવાથી ખાવાથી ચોરીને ખીર અ૦
ખળમાંથી કળમાંથો છળમાંથી જલમાંથો કોરવના દળમાંથી પાંડવ
નો ઓધ્ધાર——અવતારી૦
દુ:ખ હરવા સુખ કરવા ફરી નહીં અવતરવા રંકની સુણજો રાવ અ.
ચીત ઠરવા કૃત સરવા જમડાથી નહીં ડરવા ભવતરવા પીંગલનો ભાવ
અવતારી છો ગીરધારી તમ પરવારી હો સુખ કારી સુંદીર શામ

સઉનું કરો કલ્યાણ એ-રાગ પદ ૧૫.

પ્રગટ ભયે શ્રી રામ જુગલ રૂપ પ્રગટ ભયે શ્રી રામ
સાહેની સુરત મોહની મુરત દશરથ જુકે ધામ જુગલ૦
કોશલ્યાસે પ્રગટ ભયે હે દેવકો પુરન કામ જુગલ૦
ધર્મ કે સ્થાપન પ્રભુજી પ્રગટે નારાયણ ઘન શામ જુગલ૦
આનંદ ભયો હે સબકે મનમેં સારે અવધપુર ગામ જુલગ૦
દેખન આયે અવધ કે બાસી કૌશલ્યા સુત રામ જુગલ૦
પુર્ણ ભયો મનોરથ સબકે મંગળ ગાવતયો ઠામ 'જુગલ૦
મણિકો સ્વામી સરીચુ બિહારી ઉનકું કરૂં પ્રણામ જુગલ૦

ગરબી પદ ૧૬

મઇ ઢોળાશે મારૂં મોહનલાલ મહિ ઢોળાશે મારૂં
લાખ સવા લાખનું માટ નંદવાશે શોભીતું છે સારૂં મોહન૦
તમે વનમાળી નવ કરો આળીઅમે છઇએ વવારૂ મોહન૦
કુલ પેલાતો ચોસર ગુંથે મોઢે બોલે ન્યારૂં મોહનલાલ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ ચરણ કમળ વારરે મોહન૦

ગરબી પદ ૧૭.

શીયા ગુનામાં લુટી કાનુડે શીયા ગુનામાં લુટી કાનુડે.
જલરે જમુંનાજીનાં ભરવાને આતા હાથે વછુટી હેલ કુટી શી૦

સામા મંદીરીયામાં દીવડો મેલીને હાર પરોતાં સર ટુટા શી૦
મકનો હાથીને ઉપર લાલ અંબાડી અકાશે દોરડી ખુટી શી૦
મીરા કહે પ્રભુ ગીરધરના ગુણ હરીને ભજતાં નીત ઉઠી શી૦

ગરબી પદ ૧૮.

મોરલીરે જલ જમુનાને તીરે વગાડી બળ ભદ્ર વીરેરે ચાલો
વેંત ભરી એક વાંસનો કટકો તેની વાલે મોરલી ઘડાવીરે ચાલો
કીયાં ઘડાવી વાલે કયાં રંગાવી કીયાં હીરલે જડાવીરે ચાલો
ગોકુળ ઘડાવી વાલે મથુરામાં રંગાવી વનરાવનમા વગાડીરે ચાલો
ભલે મળો મેતા નરશીનો શામી રંગ ભરેલ રાસ રમાડીરે ચાલો

ગરબી પદ ૧૯

દેને મોરલીયાં મેરી રાધે પ્યારી દેને બંસરીયાં મેરી
સેજ પલંગપર અમેજ સુતાતા ત્યાંથી મોરલીયાં હેરી રા૦
કંખમાં ઘડુલોને હાથમાં હીંઢોણી જળ ભરીયાવું તેરી રા૦
ખંભે કાંબળીયાં ને હાથમાં લાકડીયાં ગઉ ચારીયાવું તેરી રા૦
મીરાંબાઇ કહે પ્રભૂ ગીરધરના ગુણ ચરણ કમળ લાગું તેરી રા૦

પદ ૨૦

ચાલો સખી દેખન ચલીયે નવલો અનંદા

રચ્યો શ્રી વંદરાવન રાસ ગોવિંદા.
જમુનાને નીરે તીરે શીતલ સુગંધી,
પવન ચલત રજ લાગત અંગા. ચાલો૦
ખંજરી સારંગી વાગે તાલ તો મરદંગા
મધુરી શ્રી વેણા વાગે ઓર મુખ સંગા. ચાલો૦
બ્રહ્માજી આયે ચાલી વિષ્ણુવ આયે,
શંકર સાથે ગવરી ગણેશા.
કંચન ભોમી આવી જુલ પરકાશા,
જગ મગ જગ મગ ધરણી અકાશા, ચાલો૦
ચાલો સખી દેખન ચલીયે નવલો
એ પદ ગાયે માધવદાસા જુગો જુગ વિષ્ણુવમાં વાશા
ચાલો સખી દેખન ચલીયે નવલો અનંદા,
રચ્યો શ્રી વનરાવનમાં રાસ ગોવિંદા.

ગરબી પદ ૨૧

એકવાર શ્રીજી જાઓ વશ્નર તમે એક વાર શ્રીજી જાઓ.
સુંદીર સ્યામ કમલ દલ લોચન નીરખીને મોતીડે વધાવો વી૦
શ્રીજીનું શ્રીમુખ નીરખ્યું નથી જેણે જનમીને ભાર ખેંચાવ્યો ॥
મનખા જનમતો તેનો સફલછે નીરખીને પાવન થાઓ ॥
ધન માલ સર્વે પડયું જ રહેશે સુકૃત કરીને તમે પાવો વી૦
આજ કાલ કરતાં જન્મ ગુમાવ્યો ઓચિંતો કાળ પછી આવ્યો ॥
શકિત પ્રમાણે શેવા કરીને પછી મહા પ્રસાદ તમે પાવો ॥
શ્રી ગોવરધનધારીને નીરખો માથે ધણી છે શ્રીજી બાવો.
વીશનવો તમો એક વાર શ્રીજી જાઓ.

પદ ૨૨

ભજો શીયાવર રામ જુગલ ચરણા જુગલ ચરણા વાંપ ચીત ધરના ભ૦
ઈતહી અજોધ્યા નીરમલ સરજુ ઉત મથુરા શીતલ યમુના. ભજો૦
ઇત દસગ્થકે કુંવર કહાયે ઉત નંદાજીકે કહાએ ભજો લલના ભજો૦
ઇત કેશલ્યા મયા ગોદ ખીલાવે ઉત જસોદાજી જુલાવે પાલના ભજો૦
ઇતહી કીટ મુગટ શીર રાજે ઉતહી મોર મુગટ ધરનો ભજો૦
ઇતહી ધનુષ્ય બાણ કર રાજે ઉત મોરલી મુખ પર ધરના ભજો૦

ઈતહી જાનકી વામ બીરાજે, ઉત રાધે સંગ કીયો રમના ભજો૦
ઈત સાયરપર સીલાતારી ઉત નખપર ગીરીવરધરના ભજો૦
ઈત રાવનકે દસ શીશ શેદે ઉતકંશ મારી પહોચ જમુના ભજો૦
ઈત તુલસી ઉત સુર કહાયો જુગલ ચરના પદ ચીત ધરના ભજો૦

પદ ૨૩.

મારા હાથ પડયાછે હેઠા હરી હવે શું કરૂં રે.
સદ ગુણ તો મેં કાંઇ નવ જાણ્યું સત સંગતનું સુખ ન માણ્યું
જમ કીંકરના મુદગર તે તો મારશે રે મારા હાથ૦
સુક્રત તો મેં કાંઇ ન કીધું ધાઇ ધુતી ધન ભેળું કીધું
હારિ બેઠો છું આજ હરી હવે શું કરૂં રે મારા હાથ૦
પરમારથ મેં કાંઈ નવ કીધું ગોવિંદ નામ મુખે નવ લીધું.
હારી બેઠો છું આજગતી હવે શું થશે રે મારા હાથ૦
પરનારી પરદ્વારે ભટકો ઇશ્વરને સરણે નવ અટકયો
કેશવલાલની વીનંતિ ઉર પ્રભુ ધારજોરે મારા હાથ૦

ગરબી પદ ૨૪

વારી જાઉં રે સામળીયા શરણે રાખજોરે,
અધમ ઓધારણ તમે સ્વામી હું કપટીને ક્રોધી કામી
મેર કરીને માવા રૂદીએ રાખજોરે વારી૦

હરી સમરણ કાંએ નવ કીધું પરધન હરીને બહુ લીધું
શરણ આવ્યોછું નાથ મને સંભાળજો રે વારી૦
નારાયણનું નામ નવ જાણ્યું પરદારામાં મન લલચાણું
વીનંતી મારી છે એક અરજ ઉર ધારજોરે વારી૦
લખી રામના સ્વામી શામળીયા મેર કરીને મુજને મળીયા.
મળીયા સૌને સવાયું લહેરૂં આપજો રે હરી૦

પદ ૨૫.

હરી નામ બીના નર એ સાહે પ્રભુ નામ બીના નર એ સાહે
દીપક વીના મંદીર જેસાહે હરીનામ બીના નર એ સાહે
જેસે શશિ બીના રજની સોહીએ જેસે બીના લોન રસોઇ હે
જેસે ગરૂ બીના ચેલાહે હરી નામ બીના નર એસા હે
જેસે પુરૂષ બીનાકી નારી હે જેસે પુત્ર બીનાકી માતારી હે
ગુનકા ઘર પુતર જેસા હે હરી નામ બીના નર એસાહે
ઠુંઠર બીના વૃક્ષ બનાએ હે જેસે સુમ સંચરી માયા હે

પદ ૨૬.

મારા નાથના નેણા ઉપરરે હું તો ઘડીએ ઘોળી જાઉં
પ્રભુજી મુને કંઠે વળગ્યા પલેકોરે નવ થાઉં

સામળા સાથે સ્નેહ બંધાણો ભાવના ભોજન પાઉં
કામ કાજ મને કાંઈ નવ સુજે ને ઘરમાં ઘેલી થાઉં.
સંત સમાગમ જ્યાં હોય ત્યાં હરખે દોડી જાઉં મારા૦
અડસઠ તિરથ ગુરૂને ચરણે નિત ત્રવેણીમાં નાઉં મારા૦
એકાદશી વ્રત કોણ કરે હું તો ત્રણે ટાણા ખાઉં
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ હેતે કરી ગુણ ગાઉં મારા૦

પદ ૨૭.

ઓધવજી ભલે આવીયા મારો સારો સંદેશો લઈ
કંસની દાસી કુબજારે ઓલી કામણ કરી ગઇ.
તે દાડાના ત્રીકમજી ફરી વૃજમાં આવ્યા નહીં
ભગવાં પહેરી ભજન કરશું જાશું વઇરાગણ થઇ.
જાદુગરી જો મળી મારા કાળજાં કાઢી ગઇ ઓધવજી૦
ગોકળીયામાં ગોવિંદ વીના ખોરડા ખાવા ધાઇ
મીરાં કહે પ્રભુ ગીરધરનાગુણ આતો દીવસ કેમ જાય ઓધવજી૦

પદ ૨૮.

ભાવ થકી નિત ભજીએ પ્રભુને ભાવ થકી નિત ભજીએ
વિષય વાસના સઉ દુઃખ કારણ સમજી તેને તજીએ

સુખ દુ;ખાદીક દેહુના ધર્મ અંતર એમ સમજીએ ભાવ.
ભજન પ્રતાપે સાધન સાચું સ્વર્ગ તણું તો સજીએ પ્રભુને.

રાગ— —કાફી પદ ૨૯

કૃપા કરજોરે કૃષ્ણરે રંગ જાણી વારે ચઢી.
મુંજાઉં છું મનમાંરે ભુલો ભવ કુપમાં પડી
ભર દરીયામાં બુડયો ઇશ્વર આવી ને ઝાલો બાંહ્ય
માયા મારે મુને મસ્તાની મારો શી વલેરે થાય
નાસું નષ્ટ જાણીરે તોય દેખું આગળ ખડી કૃપા૦
મારગ મુજને જડે નહી મોહન છુટવા માયા પાસ
ગોથાં ખાંઉં ગાંડાની ગાડે બાંધ્યો માયા રૂપી રાસ
કેમ કરી છુટું રે હાથે નાંખી હાથ કડી કૃપા૦
માયામાં રહેવું દુઃખ ઘણું સ્હેવું રૂચે નહી પ્રભુ મન
મોહ જાળે બાંધ્યો કરી મુજને ભજાય નહી ભગવન્ત
હાથ પગે બાંધ્યોરે પ્રભુ હેડ કયારે ઘડી કૃપા૦
મોહ માયા મમતાએ બંધાયો છોડો છબીલા બંધ,
દારૂણ દુ;ખમાં શીદ ડુબાડો તારો તમારો અંધ
કર ગરી કહું છું રે મણીરામ તુને રડી

રાગ— કાફી પદ ૩૦

અનુભવ ઉઘડીયોરે ત્યારે ઓળખ્યા સમરથ ધણી
સાર સાચો જડીયો રે ભજન રૂપી મોટો મણી
બાળ પણામાં બહુ બહુ ધામી ભરીયો દુરાચાર
અધીક અજ્ઞાનપણું વાપેલુ સમજુ ન સાર અસાર
મદ માયામાં ભરીયોરે ચાલ્યો સૌને તુચ્છ ગણી.
નાત ગણી નહી જાત ગણી નણી ન ગણ્યા મા, ને બાપ અનુ૦
ગધર્વ ગોડે ઘણું એક ભસીયો રાખ્યો ન કોઈનું માપ
એવો હું મસ્તાનીરે વહેતો મુકયો માએ જણી અનુભવ૦
માન્યુ ના મમતથી કોઇનું સઉને ગણુતો તુચ્છ
બની ઠણી ફરૂં બાવરા જેવો વાંકડી રાખી મુછ,
કોઇ શીખ આપે રે ત્યારે કરતો જાજી ટણી અનુભવ૦
ગુરૂ સારા મળ્યા મુને જ્યારે દીધો ઘણો ઉપદેશ
અજ્ઞાન ટળીને જ્ઞાનજ વાપ્યુ ટળી તે મુખની મેશ.
સાચા ધણી શોધ્યો રે મણીરામ કીધી ઘણી અનુભવ૦

રાગ—ઠુંમરી, પદ ૩૧.

ભજ મન મારા નંદ કુંવરજી ભવમાં ભુલ્યો શિદ ભમે ટેક
આ ભવ શિદને એળે કાઢે જાળવશે કોણુ મર્ણ સમે ભજ૦

મિથ્યા જનમ્યો જનુની પેટે પર નીંદા તને બહુ ગમે ભજ૦
ઉદ્ધાર નથી રામ કૃષ્ણ વિના ભાઈ વારે આવે અંત સમે ભજ૦
ભજન કૃષ્ણનું કેમ નથી ગમતું પર પતિને શું રે રમે ભજ૦
ચેત મણી ઉધ્ધાર નથી કાંઇ સંત સેવામાં તજ શર્મે ભજ૦

રાગ—ઠુંમરી પદ ૩૨

તુજ વિણ મારો કોણ પલ્લો પકડે માધવ મૂકુંદ મુરારીરે—ટેક
પીળા પીંતાબર જરકશી જામા શ્યામ સુંદર છબી ન્યારીરે
મોર મુગટને કાને કુંડળ ભાળ તીલક ગીરધારીરે તુજ૦
બંસી ધર કમલા પતી સ્વામી અસુર કંસ વિડારીરે
રાસ રચ્યો જેણે બિંદ્રાબનમેં તોળ્યો પર્વત બિહારીરે તુજ૦
પૂર્યાં પટકુળ દ્રોપદિ કેરાં નવસેં નવાણું ધારી રે
મણિરામ તારે શરણે આવ્યો તેને લેજો સંભારીરે તુજ૦

રાગ—કાફી પદ ૩૩

લક્ષ્મી પતિ ભજનીરે અરે જીવ જંજાળી
કુકર્મ તું તજનીરે માથે મર્ણની તાળી
રવિ સુતાપતી ભજને પ્રાણી કેમ ગુમા છે કાળ
હિમત સુતાપતિ ઇશ્વર ભજતાં પામશો ગતિ રસાળ

કલિમળ સહુ જાશેરે હરિ પ્રતાપને ભાળી લક્ષ્મી૦
કશ્યપ સુતના સ્થાનની ઇચ્છા કરતો હોય જો જીવ
દયા દાન જો દેઇશ દીલથી થાશે આ જીવનો શીવ,
ત્રિદશ આવી પુજે રે દ્રષ્ટે દેદાર ન્યાળી લક્ષ્મી૦
ચોથા યુગનો ચલાવ્યો ચાલ્યો માયા મદ જો ધારી
અધમ ગતિને પ્રાપ્તજ થાશો જો જીવ દીલ વીચારી.
માયા મદની ફાંસીરે નાખે નર્કમાં ઘાલી લક્ષ્મી૦
કરણી કરશો કુકર્મની જીવડા જાશો નર્કની માંય
સુત વિત દારા સંગા સહોદર કોઇના જાલે બાંય
ફરશો ચોરાશી ખાણેરે માયા મદને જાલી લક્ષ્મી૦
માટે મન માયા મદ તજીને પંકજ સુત પતિ ગાવો
દિન થઇને શર્ણે ગયેથી ત્રિદશ જેવા થાવો
પનંગ ભુષણ કહે છેરે કલિમળ કવિટાળી લક્ષ્મી૦

રાગ--કાફી પદ ૬૪

દીઠું દુનીયામાંરે ભારે મેં તો અંધારૂં
અજ્ઞાની ઓળખવારે નથી નીશાન વારૂ
મારે અંધારૂં આ દુનીયામાં જ્ઞાની અજ્ઞાની એક રૂપ
કેઈ રીતે અજ્ઞાની ઓળખવો નથી નિશાન અનુપ

ભુધ્ય ભુધર ખાધીરે નથી કીધું કાંઇ સારૂ દીઠું૦
અજ્ઞાનીને ઓળખવાને જોઈએ જરા નીશાન
સિંધ નાનું કીધું હોતતો ઓળખત જટ અજ્ઞાન
મન પરખી જાતોરે આતો માણસ નઠારૂં દીઠું
વિશ્વાસ ઘાતી વસમાં પાપી જગતમાં છે દયાળ
જરા જગજીવન જુઠાની જીભે કરવા જોઇતા વાળ
એંધાણી નવ કીધીરે જુઠો જગમાં જારૂં દીઠું૦
વ્યભિચારી વિઠલ જગમાં કેઇ રીતે ઓળખાય
કરવી હતી કૃષ્ણજી મારા કુખડી તેની તો કાય
સમજી સોબત કરતોરે લાગે બહું નકારૂં દીઠું૦
પરવિત્ત હરણ વૃતી છેદન એવા દેખું અપાર
જનુની ના રહી તેની વંજા મિથ્યા વિંઢાળ્યથો ભાર.
મણિરામ મનમાંરે લાગે ઘણું એક ખારૂં દીઠું૦

રામદાસ રાગ—કાફી પદ ૩૫

જીવના હે દીન ચારરે બંદે રામ સમર લે ટેક
દોલત દેખી ફિરત દીવાના ભટક્ત મુંઢ ગેમાર બંદે૦
ધન જોબન બાદલકી છાયા જાતા ન લાગે વાર બંદે૦

મલ કરાલ ક્રિરત શિર ઉપર પકડે ગોસાં જસવાર બંદ૦
કરો સત સંગ ભજો રઘુનંદન ઉતરોગે ભવજલ પાર બંદ૦
સખી રામદાસ ભજો સીયા વરકું સાસ ઉસાસ સંભાર બંદ૦

ખીમ રાગ—ઠુંમરી પદ ૩૬

જીન મુખસે સીયારામ ન સુમર્યો તિન મુખમે તો ધુલ પરીરે
ધિક તેરો જન્મ જીવન તેરો ધિક હે ધિકધીક મનુષ્ય દેહ ધરી રે
જીવત તાત મુવે નહીં તેરા કયુ જનમ્યો તું પાપ કરીરે
રામ નામ બીન રસના કેસી કરો ઊનકી ટુકડા ટુકડીરે
જીન નેંનતે પ્રભુ રૂપ ન નિરખ્યો ઉન નેંનમેં લુણ ભરી રે
રતન પદારથ જન્મ માનખો આવત નહીં સો ફેર ફરીરે
અબ તેરો દાવ બન્યો હે મુરખ કરના હોય સો લેને કરીરે
હાથ પસાર કીયો નહીં સુકૃત તીરથ ડગ ન ભરીરે
ખીમ કહે તું ભુલ્યો આયો ખાલી તેરી ખેપ પડીરે

ભજન સાગર રાગ—કલ્યાણી પદ ૩૭

સુરત પર વારી જાઉં નાગર નંદા ટેક.
સબ સખીયનમેં રાધાજી બડી હે તિર્થમે બડી ગંગા સુરત૦
સબ દેવનમેં માહાદેવ બડાહે તારનમેં બડે ચંદા સુરત૦

સબ ભગંતનમેં ભરત બડાહે બેઘનમેં હનુમંતા સુરત૦
બંદ્રાબનમેં રાસ રચ્યો હે નૃત્ય કરત ગોવિંદા સુરત૦
આપ તો જાય દુવારકા છાઇ હમકું બતાયો ઘર ઘંધા સુરત૦
બેસ પ્યાલે કાળિનાગ નાથ્યો ફણું પર નૃત્ય કરંતા સુરત૦
ચંદ્ર સખી ભજ બાલ કૃષ્ણ છબી તુમ ઠાકોર હમ બંદા સુરત૦

ભજન સાગર રાગ--કલ્યાણ પદ ૩૮

મેરો મન હરલિનો રાજા રણછોડ ટેક.
આસ પાસ રત્નાનર સાગર ગોમતિ કરત કિલોલ મેરો.
મોર મુગટ પીતાંબર શોભે કુંડલકી જકજોલ મેરો.
બંદ્રા બનમેં રાસ રચ્યો હે નાચત નવલ કીશોર મેરો.
ચંદ્ર સખી ભજ બાલ કૃષ્ણ છબી ચરણ કમળ ચિત ચોર

ભજન સાગર રાગ-ધનાશ્રી પદ ૩૯.

નિરધનકે ધન રામ હમારે નિરધનકે ધન રામ ટેક.
ચોર ન લેવે ઘટ હું ન જાવે ધાડ પડે આવે કામ હમારે૦
સોવત બેઠત જાગત ઉડત જપુ હર હર નામ હમારે૦
દીન દીન હોત સવાય સવાય ખુટત નહીં એક દામ હમારે૦
ઠાકોર ચલે નગર દ્વારે પાસ નહીં એક બદામ
કહત કબીરા સુનો ભાઇ સાધુ પારશકો નહીં કામ હમારે૦

પદ ૪૦ છંદ ચરચરી.

નંદ નંદન જગત વંદન ચરન રજ કુબજા તરી
ચ.ર જુગ પરી બ્રહ્મ કહીયે કૃષ્ણ રાજત મધુપુરી.
બંસિ બટ તટ નિકટ યમુના સાંવરે મુરલી ધરી
મુરલી ધન સુન લોક મોહે કૃષ્ણ રાજત મધુપુરી
વંદરાવનમાં મદન મોહન અષ્ટ સિધી નવ નિધી મરી
કાળ અહીઘનશ્યામ ન.થ્યો કૃષ્ણ રાજત મધુપુરી
મુગટ લટપટ પેંચરસપટ તિલક ચંદનનું કરી
વનમાળી લાલ ગોપાલ કહીએ કૃષ્ણ રાજત મધુપુરી
ગોપ ગોપી સંગ લઇને કુંજ કુંજ રમ્યા હરી
રાસ રચ્યો યદુ નાથ નંદન કૃષ્ણ રાજત મધુપુરી
ઈંદ્ર ચંદ્ર કુબેર બ્રહ્મા લખે વીગત પ્રભુ ફરી ફરી
અનંત મુનીજન કરત જય જય કૃષ્ણ રાજત મધુપુરી.
કંસ વંશ નિકંદ કીધા દનુજ સર્વ ગયા ડરી
સંત કારણ દેહ ધારણ કૃષ્ણ રાજત મધુપુરી
કૃષ્ણાષ્ટક જે પઠત નિસદન સ્વર્ગ જાય તે સંચરી
નીમાનંદ અવતાર અદભુત કૃષ્ણ રાજત મધુપુરી

પદ ૪૧

વનમાળીને ન વિસરવા વીષે રાગ--ભૈરવ

મન વીસરમાં વનમાળી મન વીસરમાં વનમાળી
નટવર નાથ વગરની વાતો કરમાં કુટિલ નમાળી મન૦
જેની સતા વગર જગતમાં કોઈ ન વસ્તુ વહાલી
ક્ષણ પણ જેના વગર લગારે કોઇ ખુણો નહી ખાલી મન૦
ધામ ધર.ધન જનને મેલી ચતુર જવું છે ચાલી
સ્વાર્થ તણો સંબધ બધાનો તે આખર છે ખાલી મન૦
વિસય ભોખ સંભોગ વિસમ છે, તજ તે સાથે તાલી
કેશવ હરી ભજવાનું ભુલી શીદ ધુચવણો ઘાલી મન૦

પદ ૪૨,

બુધ્ધિ રૂપી હઠીલી સ્ત્રીને શિખામણ રાગ--કાફી

હઠીલી હઠ પર હરતુ માનિની માન ઉતાર
જન્મ સફલ સુખ રૂપ થાવાને કર મુજ પર ઉપકાર--ટેક
ભુલ કરેશું ભોલપણામાં સમજણ રાખ લગાર
આવો શુભ સંયોગ રસીલી થાય ન વાર વાર હઠી૦

પ્રૌઢ થઇ પ્રાણ સખી તું, આશક અતી પરવાર
કર સંપાદન પ્રણય રસેથી પ્રાણ સખાનો પ્યાર હઠી૦
સીદ વૃથા સંકોચ ગ્રહણ કર ગૃહણિ અંગ સમાર
સજ શૃગાર વિકાર તજીને ભામીની રાખ ન ભાર હઠી૦
ધામ ધરા ધનને યોવનની ચટક રહે દીન ચાર
નીર્મલ થઇ નીર્મલ કર કોડે એ સમજણનો સાર હઠી૦
ધર્મ પળાય પરસ્પર પુરો એ નીર્ણય નીરધાર
પતિ પદમાં નહી પ્રીતી થઇ તો આ સંસાર અસાર હઠી૦
તું કોણ કોણ કાની છે તારો શું ઘરબાર વિચાર
કેશવ હરી આપ્યો છે હીરો હાથ વીષે નહી હાર

પદ ૪૩

તારનું તુટવું ભજન.

તુટયો મારો તંબુરાનો તાર
ભજન અધુરૂં રે રહયું ભગવાનનું તુટયો૦
એક તુટતાં બીજો રે તાર અસાર છે,
જીવાળીમાં નહિ હવે જીવણ:
પાશ પડયા પોચારે નખલીનું નામનું તુટયો૦

તરણુ પડી છેરે ખાતલ તુંબડ
લાગે નહી ફુટી જતા વાર
ખુંટીનું ખેંચાણું રે કાંઇ ન કામનું તુટયો૦
રંગ ચડેલો કાચો રે કહો તે કેમ રહે ?
ઘોડી ઘણી પાચી પડી જાય;
ખેલ બગાડતાં ખાસોરે ભાન ન તાનનું
સ્વર મેળવિએ શેમાંરે તાલ બેતાલ છે.
ઢોલકમાં પણ કાંઈ ન ઢંગ
બંધ થયું છે બારૂં રે હારે રસ પાનનું તુટયો૦
ખરચી હવે ખુટી રે બુટી હવે બીજી નથી,
હરી હવે ઝાલો તમે હાથ
કહું છું કામ ન મારે રે ધન જન ધામનું તુટયો૦
કેશવ હરીની કરણીરે કોઈ ન જાણી શકે.
વાણી મન પાછાં વળી જાય
બલ ચાલે નહી એમારે મહા બળવાનનું તુટયો૦

બારભાયના મોલામાં આવેલા રામચંદ્રજીના મંદીરના સ્ત્રી મંડળ તરફથી બહાર પડેલા નિચે લખેલ પુસ્તકો મંદીર-માંથી વેચાતા મળશે.

	વીના મુલ્ય.
તત્વમાળ	
આનંદનો ઉભરો.	
રામ ગીતા ટીકા સહીત	0)-
જ્ઞાન બીંદુ ભાગ પહેલો	0)-
જ્ઞાન બીંદુ ભાગ બીજો	0)-
ભક્તિ સરસોપાન.	0)-
મનબોધ બીંદુ	0)-
પ્રેમરસ યા જ્ઞાન બીંદુનો ત્રીજો ભાગ	0)-